## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જો... વાળુમાં દાળ આપુ છું... સોસાયટીમાં બીજા ઘરે જાય તો મારું નામ આપજે અને કહેજે... મેં આપી છે... શું સમજી...!!

# સિવિલ કેમ્પસમાં મોબાઈલ મામલે હોબાળો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતેથી એક મોબાઈલ ગત રાત્રિએ ગુમ થયો હતો. જેને પગલે સિકયુરીટી ગાર્ડને નોકરી ગુમાવવાનો વારો આવ્યો છે. ગત રાત્રીએ મોબાઈલના મામલે મારા મારી થતાં હોબાળો થયો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ખાનગી કંપનીના તમામ વોર્ડ સહિત દરેક જગ્યાએ સલામતી માટે ખાનગી કંપનીના સિકયુરીટી ગાર્ડ મુકવામાં આવ્યા છે. શિફટ પ્રમાણે ૨૪ કલાક સિકયુરિટી જવાનો સિવિલ કેમ્પસમાં ફરજ બજાવે છે ત્યારે ગત રાત્રીએ સિવિલ ખાતે ફરજ બજાવતા સિકયોરીટીને એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. થોડા સમય બાદ આ ફોનની રીંગ વાગતા સિકયુરીટી ગાર્ડે ફોન ઉપાડી વાત કરી હતી. આવેલ ફોન મોબાઈલ માલિકનો હતો. જે સ્થળ પર સિકયુરીટી જવાન ઉભો હતો ત્યાં થોડીકવારમાં મોબાઈલ માલિક આવી પહોંચ્યો હતો અને મારામારી કરી હતી. કેમ્પસમાં રાત્રે હોબાળો થતા લોકો એકત્ર થઈ ગયા હતા. બંને વચ્ચેનો ઝઘડો છેક પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. પરંતુ ત્યાં સમાધાન થઈ ગયું હતું. રાત્રીનો હોબાળો સવારે પણ કેમ્પસમાં ચર્ચાનો વિષય બન્યો હતો પરંતુ મોબાઈલ ગુમ થવાના આ કિસ્સામાં ખાનગી સિકયુરીટી ગાર્ડને નોકરીમાંથી હાંકી કાઢયો છે. ઉલ્લેખનીય છે કે ગાર્ડને મળેલો મોબાઈલ ગાર્ડે ચાલુ જ રાખ્યો હતો. તો મોબાઈલ માલિકે કયા સંજોગોમાં ગાર્ડને માર માર્યો તે રહસ્યમય છે.





## વી-ટી.વી.ના ગરબામાં ગાંધીનગરના કલાકારો ઝળકયા

ઈલેકટ્રોનિક સમાચાર માધ્યમોની દુનિયાની ગુજરાતી ન્યુઝ ચેનલ વી ટીવી દ્વારા અમીરાજ પાર્ટી પ્લોટમાં શરદપૂર્ણિમા નિમિત્તે સોમવારે રાત્રે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ખેલૈયાઓએ મેદાન માર્યું હતું અને બેસ્ટ ગૃપ, બેસ્ટ ડ્રેસ તથા બેસ્ટ જોડીનો ખિતાબ હાંસલ કર્યો હતો. આ ઉપરાંત ખાસ ઈનામો પણ જીત્યા હતાં. વી ટીવી દ્વારા જાણીતા ગાયક કલાકાર સંજય ઓઝા એન્ડ ઓરકેસ્ટ્રાની સંગતે શરદ પૂનમ લાઈવ ગરબાનું આયોજન કરાયું હતું. આ રાસ ગરબામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આ સ્પર્ધાઓમાં બેસ્ટ ગૃપનો ખિતાબ ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના ફાળે આવ્યો હતો જયારે બેસ્ટ ડ્રેસ માટે નગરના ભૌમિક ચૌહાણની પસંદગી કરાઈ હતી. આ ઉપરાંત બેસ્ટ જોડીમાં પણ ગાંધીનગરના જ કરિશ્મા પાટડીયા તથા રવિ પટેલ વિજેતા બન્યા હતા.આ સાથે નગરના અનુપા પંડયા અને નીલને ખાસ ઈનામો આપવામાં આવ્યા હતા. આમ સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગરના કલાકારો-ખેલૈયાઓ છવાઈ ગયા હતા. આ કાર્યક્રમને માણવા મોટી સંખ્યામાં ખેલૈયાઓ તથા પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતાં.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સ્વાઈન ફલુના એક શંકાસ્પદ દર્દીને દાખલ કરવામાં આવેલ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. જાગાણી આજે નાદુરસ્ત થઈ ગયા હતા.
- ગાંધીનગર જિલ્લા ભાજપના આગેવાનોની એક બેઠક ઉમેદવારોની પસંદગીની કવાયતના ભાગરૂપે મળી હતી.
- કોંગ્રેસના નિરીક્ષકો આજે કલોલ ખાતે ટિકિટ વાંચ્છુઓની રજુઆતો સાંભળનાર છે.
- શરદપૂર્ણિમાને લઈ ગાંધીનગરમાં ઠેર ઠેર ગરબાઓ યોજાયા હતા.
- ગાંધીનગર કલેકટર કચેરીના ચાર નાયબ મામલતદારોની બદલી કરતા હૂકમો કરાયા છે.
- રાજભવનના કર્મચારી બકુલભાઈ જાનીની તબિયતના સમાચાર જાણવા રાજયના મહામહીમ રાજયપાલશ્રી ઓ.પી. કોહલી તમામ પ્રોટોકોલ નેવે મુકી તેમના સે. ૨ સ્થિત નિવાસસ્થાને ગયા હતા.

# પ્રાંતિયામાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

### ૯૦ હજારના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર તાલુકાના ડભોડા નજીક આવેલા પ્રાંતિયા ગામની સીમમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમી ડભોડા પોલીસને મળી હતી. જેને આધારે પી.એસ.આઈ. પી.જે. સોલંકી તથા તેમની સર્વેલન્સ ટીમે સમી સાંજે દરોડો પાડી કોર્ડન કરીને પાંચ શકુનીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. રૂ. ૫૨૬૦ રોકડા તથા રૂ. ૮૫ હજારની કિંમતની બે સીએનજી રીક્ષાઓ મળી કુલ રૂ. ૯૦,૨૬૦ની કિંમતના મુદ્દામાલ સાથે પાંચ શકુનીઓની પોલીસે ધરપકડ કરી લીધી હતી.

ડભોડા પટેલવાંસના દિનેશ અંબાલાલ ઠાકોર, પ્રાંતિયા ઈન્દીરાનગરના જગદીશ અમાજી ઠાકોર,. પ્રાંતિયા પરમાર વાસના જગદીશ જયંતિ પરમાર, પ્રાંતિયાના મહાદેવપુરા વિસ્તારના અશોક કેશા ઠાકોર તથા રામા ભલા ઠાકોર મળી પાંચેયને દબોચી લઈને ડભોડા પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન દ્વારા 'રેન બસેરા' માટે તંત્રને રજુઆત કરાશે

ગાંધીનગર, તા.૨૭

શહેરની સ્માર્ટ સીટીમાં ગણના થઈ છે. શહેરને સ્માર્ટ સીટી બનાવવા માટે તંત્ર કમર કસી રહ્યું છે ત્યારે નગરમાં વસતા ગરીબ વર્ગ માટે 'રેઈન બસેરા' બનાવવાની વાત વર્ષો અગાઉ થઈ હતી. પરંતુ હજુ સુધી આ રેઈન બસેરા નિર્માણ પામ્યા નથી. વહીવટી તંત્ર દ્વારા રેઈન બસેરાની વાત વિસરાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. ગરીબોના આવાસ માટે ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન ગાંધીનગર દ્વારા આ અંગે તંત્ર સમક્ષ રજુઆત કરાશે.

ગાંધીનગર શહેરમાં વસવાટ કરતાં ગરીબ તેમજ મજુર વર્ગના માણસો માટે રેઈન બસેરા બનાવવા માટે તંત્ર સમક્ષ વર્ષો અગાઉ સંસ્થા દ્વારા રજુઆત કરાઈ હતી. પરંતુ રેઈન બસેરા બનાવવાની વાત તંત્ર જાણે ભુલી ગયું હોય તેમ લાગે છે. દાયકા વિતી ગયા હોવા છતાં કંઈ પણ નકકર કામગીરી ન થતાં સંસ્થા દ્વારા આ અંગે ફરી રજુઆત કરવાનું તાજેતરમાં સંસ્થાની મળેલી બેઠકમાં નક્કી કરાયું હતું. ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કાર્યવાહક સમિતિની બેઠક તાજેતરમાં સંસ્થાના પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં હોદ્દેદારો હાજર રહ્યા હતા અને વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રેઈન બસેરા, સ્માર્ટ સીટી અંગેના સુચનો સહિતના પ્રશ્નોનો સમાવેશ કરાયો હતો.

# સલામત સવારી એસ. ટી. અમારી...

### પાછળ ખુલ્લી જ છે ઈમરજન્સી બારી : એસ. ટી.ની કેટલીક બસોમાં પાછળની વિન્ડો જ ખુલ્લી અને ભયજનક હાલતમાં




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૭

સલામત સવારી એસ ટી અમારીનુ સ્લોગ્ન માત્ર દિવાલ સુત્ર બની ગયુ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. એસ ટી ની મોટાભાગની બસો નવી હોવાનો દાવો કરવામાં આવી રહયો છે. આમછતા શહેરમાં છાશવારે એસ ટી બસો માર્ગ વચાળે ખોટવાતી હોવાના દ્રશ્યો પણ જોવા મળે છે. એસ ટી બસોની નિયમિતતા અંગે આમ નાગરિકોમાં હજુ પણ આક્રોશ જોવા મળી રહયો છે. ત્યારે ગાંધીનગર ડેપોની જેમ એસ ટી ની કેટલીક બસોમાં પણ સલામતી જોખમાય તેવી સ્થિતિ છે. નગરમાં દોડતી કેટલીક બસોમાં ઇમરજન્સી વિન્ડોના કાચ પણ નિકળી ગયા છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં દાયકાઓના અંતે પણ પોલીસ ચોકી કાર્યરત થઇ શકી નથી ડેપો સંકુલમાં આવતા જતા મુસાફરો ગમે ત્યારે તસ્કરી વૃત્તિનો ભોગ બને છે. ડેપોમાં બસમાં ચઢતા મુસાફરોના જાણભેદુ ગઠીયાઓ ખિસ્સા કાતરી જતા હોવાની સાથે ઘણીવાર ચેઇન સ્નેચીંગના બનાવો પણ બને છે. બસમાં ચઢતી વખતે મુસાફરોનુ પીક પોકેટીંગ પણ થાય છે. આમ છતા ડેપો સંકુલમાં પોલીસ પહેરો જોવા મળતો નથી. છેલ્લા ઘણાં સમયથી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે. પરંતુ એસ ટી ની ડિવિઝનલ કચેરીકક્ષએથી જગ્યા ન ફળવાતા વર્ષોના અંતે પણ ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવામાં આવી નથી. બીજીતરફ મુસાફરોની સલામતીની વાતો માત્ર સોહામણાં સુત્રોમાં જ કેદ હોવાનુ પ્રતિત થઇ રહયુ છે. નગરમાં દોડતી એસ ટી ની કેટલીક બસોમાં પાછળની સાઇડમાં ઇમરજન્સી કાચ પણ અદશ્ય થઇ ગયા છે. સલામત સવારી એસ ટી અમારીના સુત્રથી તદન વિપરિત પરિસ્થિતિ જોવા મળી રહી છે. આવા સંજોગોમાં ગમે ત્યારે આવી બસો મુસાફરો માટે જોખમી પુરવાર થાય તેવી દહેશત છે. ગાંધીનગર ડેપોમાં તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવી છે. ત્યારે હજુ પણ કેટલીક બસો કંગાળ હાલતમાં હોવાથી મુસાફરો માટે ગમે ત્યારે ભયજનક પુરવાર થાય તેમ છે.

# વિદ્યાસહાયક સામે કાર્યવાહી કરવામાં ભારે ઉદાસીનતા

### તંત્રની બેદરકારીના લીધે વાલીઓમાં ભારે રોષ ફેલાયો

અમદાવાદ, તા.૨૭

રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા વિદ્યા સહાયકો અન્ય ખાનગી શાળાઓમાં પણ સેવા આપી રહ્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આ અંગેની અનેક રજૂઆત શિક્ષણ વિભાગને મળી હોવા છતાં આવા વિદ્યાસહાયકો સામે કડક અને પરિણામલક્ષી કાર્યવાહી કરવામાં શિક્ષણ તંત્ર દ્વારા ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી છે જેના કારણે વાલીઓમાં નારાજગી પ્રવર્તી ગઈ છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ કેન્દ્ર સરકાર દ્વારા નવી શિક્ષણ નિતી ઘડવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે. આ શિક્ષણ નીતિમાં અનેક સંશોધન કરવાની માંગ પણ ઉઠી રહી છે ત્યારે નવી શિક્ષણ નીતિ ઘડવા માટે સરકાર દ્વારા શિક્ષાવિદો, નિષ્ણાતો અને લોકો પાસેથી સુચનો મંગાવવામાં આવ્યા છે જેમાં કેટલીક પ્રાથમિક શાળાઓમાં વિદ્યા સહાયક તરીકે નોકરી કરી સરકારી પગાર લેતા કર્મચારીઓ અન્ય સમયમાં ખાનગી શાળાઓમાં પણ શિક્ષક તરીકે ફરજ બજાવતા હોવાની રજૂઆતો સામે આવી છે ત્યારે આવા વિદ્યા સહાયકો સામે કડક હાથે કાર્યવાહી હાથ ધરીને શિક્ષણની ઘોર ખોદાતી અટકાવી શકે તેવો કાયદો ઘડીને નવી શિક્ષણનીતિમાં સામેલ કરવો જરૂરી હોવાનું કેળવણીકારોનો મત છે. હાલમાં ધોરણ ૧થી ૮ની પ્રાથમિક શાળાઓમાં નોકરી કરતા કેટલાક વિદ્યા સહાયકો અમુક સેલ્ફ ફાઈનાન્સ શાળામાં સેવા આપીને મહેનતાણું મેળવી રહ્યા છે. સેલ્ફ ફાઈનાન્સ શાળામાં અણુક વિદ્યા સહાયકોને ભણાવતા અટકાવવા માટે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની કલમ ૨૮ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાની જોગવાઈ છે. જો કે, તેનો અમલ ન થતો હોવાથી આ કાયદો માત્ર કાગળ પરનુંચિતરામણ બની રહ્યો છે. જેના કારણે પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર દિન પ્રતિદિન કથળી રહ્યું છે. ત્યારે શિક્ષણનું સ્તર સુધારવા માટે ઉપચારાત્મક કાર્યક્રમની જરૂરિયાત ઉભી થવા પામી છે. આથી સરકારી શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે શિક્ષણને વધુ અસરકારક કરવા માટે નવી શિક્ષણ નીતિમાં ધરમુળથી ફેરફાર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# રાંધેજામાં જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર નજીક રાંધેજા ગામની સીમમાં સ્થિત મહોડીયા પરા વિસ્તારમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે પેથાપુર પોલીસ મથકનાં પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે રાંધેજામાં દરોડો પાડયો હતો. દરોડો પાડીને રાંધેજાના દિનેશ ઠાકોર અને ગોકા મંગા ઠાકોર મળીને બે શખ્સોની રૂ. ૧૪,૨૦૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી ધરપકડ કરી લેવામાં આવી છે. બંને શખ્સો સામે જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી દાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ડાંગ-આહ્વા ખાતે ગ્રામિણ ઓલમ્પિક યોજાશે

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી આહ્વા-ડાંગ દ્વારા ચાલુ વર્ષે ૨૦૧૫-૧૬માં આહ્વા ખાતે ડાંગ દરબારના લોકમેળામાં માર્ચ ૨૦૧૬માં સાતમા ગ્રામિણ ઓલમ્પિકસનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ ગ્રામિણ ઓલમ્પિકસમાં ભાઈઓની ૮૦ મી. દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, ઉંચી કુદ, લાંબી દોડ (પર્વતિયાળ વિસ્તાર), રસ્સાખેંચ, કબડ્ડી, ખોખો, વોલીબોલ, કુસ્તી, તિરંદાજી અને ગિલ્લોલ બહેનોની ૮૦ મી. દોડ, લાંબીકુદ, ગોળાફેંક, ઉંચીકુદ, તિરંદાજી, લાંબીદોડ (પર્વતિયાળ વિસ્તાર), કબડ્ડી, ખોખો જેવી પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ગ્રામીણ ઓલમ્પિકસમાં ભાગ લેવા ઈચ્છતી જિલ્લાની ટીમોને તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ (૧) શ્રી જી.જી. વળવી, જિલ્લા રમતગમત અધિકારીશ્રી, ચંદ્રભાગા સ્મૃતિ, આઈટીઆઈ પાસે, આહ્વા, જી. ડાંગ-૩૯૪૭૧૦ (મો.નં. ૯૬૮૭૭૯૩૮૬૧)ને સમયસર મળી જાય તે રીત મોકલી આપવાની રહેશે. આ અંગેના એન્ટ્રી ફોર્મ જે તે જિલ્લાના જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી ખાતેથી ઉપલબ્ધ થશે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
ફિલ્ટર સાથે
TOBACCO 100% FREE
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા), મો.: 9909888314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭